**[A] નીચે આપેલા ૪ જવાબો પૈકી સાચો વિકલ્પ પસંદ કરો. (પ્રત્યેકનો ૧ ગુણ)**

**1. નીચે પૈકી કયું સજીવ શરીરની બહાર પોષક પદાર્થોનું વિઘટન કરે છે અને પછી તેનું શોષણ કરે છે ?**

(A) ઊધઈ (B) પટ્ટીકૃમિ (C) મશરૂમ (D) ઑર્કિડ

**Ans. (C)**

**2. વનસ્પતિઓમાં જલવાહક પેશી .......... ના વહન માટે જવાબદાર છે.**

(A) પાણી (B) ખોરાક (C) એમિનોઍસિડ (D) ઑક્સિજન

**Ans. (A)**

**3. .......... ઉત્સેચક પ્રોટીનના પાચન માટે જવાબદાર છે.**

(A) ટ્રિપ્સિન (B) લાયપેઝ (C) એમાઇલેઝ (D) આપેલાં તમામ

**Ans. (A)**

**4. પાચનનળીમાં ચરબીનું .......... માં રૂપાંતર થાય છે.**

(A) ફેટી ઍસિડ (B) ગ્લિસરોલ

(C) A અને B બન્ને (D) A અને Bમાંથી એક પણ નહીં

**Ans. (C)**

**5. કઈ ક્રિયા દ્વારા મુક્ત થતી ઊર્જા તરત જ ATP સ્વરૂપમાં સંશ્લેષણ પામે છે ?**

(A) પ્રકાશસંશ્લેષણ (B) પાચન (C) વાતવિનિમય (D) કોષીય શ્વસન

**Ans. (D)**

**6. મોટા આંતરડામાં પાણીનું શોષણ .......... દ્વારા થાય છે.**

(A) રસાંકુરો (B) મુદ્રિકા સ્નાયુ (C) લાળગ્રંથિ (D) કાસ્થિમય વલય રચના

**Ans. (A)**

**7. ઉભયજીવી પ્રાણીઓનું હૃદય .......... ખંડોનું બનેલું હોય છે.**

(A) બે (B) ત્રણ (C) ચાર (D) ત્રણમાંથી એક પણ નહીં

**Ans. (B)**

**8. વિધાન P : રુધિરને હૃદયમાંથી શરીરના વિવિધ અંગો સુધી લઈ જતી રુધિરવાહિનીઓ ધમની કહેવાય છે.**

**વિધાન Q : ધમનીઓની દીવાલ જાડી અને સ્થિતિસ્થાપક હોય છે.**

**વિધાન R : ધમનીમાં રુધિરને એક જ દિશામાં વહેતું રાખવા માટે વાલ્વ હોય છે.**

(A) વિધાન P સાચું છે (B) વિધાન Q અને R સાચાં છે

(C) વિધાન P અને R સાચાં છે (D) વિધાન P અને Q સાચાં છે

**Ans. (D)**

**9. લીલી વનસ્પતિને પ્રકાશસંશ્લેષણની ક્રિયા કરવા માટે .......... જરૂરી છે.**

(A) સૂર્યપ્રકાશ (B) $CO_2$ તથા પાણી (C) ક્લોરોફિલ (D) આપેલ તમામ

**Ans. (D)**

**10.** $\text{ગ્લુકોઝ} \xrightarrow{\text{કોષરસ}} \text{પાયરૂવેટ} \xrightarrow{O_2\text{ની ગેરહાજરી}} A + B + \text{ઊર્જા}$**. આ પ્રક્રિયામાં A અને B અનુક્રમે .......... છે.**

(A) ઈથેનોલ અને પાણી (B) ઈથેનોલ અને કાર્બન ડાયૉક્સાઈડ

(C) ઈથેનોલ અને લૅક્ટિક ઍસિડ (D) કાર્બન ડાયૉક્સાઈડ અને પાણી

**Ans. (B)**

**11. જોડકાં જોડો.**

| વિભાગ A | | વિભાગ B | |
|---|---|---|---|
| (1) | લાળરસ | (A) | ટ્રિપ્સિન |
| (2) | જઠરરસ | (B) | એમાઇલેઝ |
| (3) | સ્વાદુરસ | (C) | પેપ્સીન |

(A) (1-C), (2-A), (3-B)  (B) (1-B), (2-C), (3-A)  (C) (1-C), (2-B), (3-A)  (D) (1-B), (2-A), (3-C)

**Ans. (B)**

**[B] નીચેના પ્રશ્નોના ટૂંકમાં ઉત્તર લખો. (પ્રત્યેકનો ૧ ગુણ)** **[18]**

**12. ખાલી જગ્યા પૂરો : લાળરસમાં રહેલો .......... ઉત્સેચક સ્ટાર્ચનું શર્કરામાં રૂપાંતર કરે છે. (પેપ્સીન, એમાઇલેઝ, ટ્રિપ્સિન)**

➠ ટ્રિપ્સિન

**13. ખાલી જગ્યા પૂરો : કાર્બોદિત, પ્રોટીન અને ચરબીનું પૂર્ણ પાચન .......... માં થાય છે. (નાના આંતરડા, જઠર, યકૃત)**

➠ નાના આંતરડા

**14. ખાલી જગ્યા પૂરો : .......... નું હૃદય બે ખંડનું બનેલું હોય છે. (દેડકો, બતક, માછલી)**

➠ માછલી

**15. ખાલી જગ્યા પૂરો : રુધિરમાં રહેલા .......... હિમોગ્લોબીન ધરાવે છે. (શ્વેતકણ, રક્તકણ, ત્રાકકણ)**

➠ રક્તકણ

**16. ખાલી જગ્યા પૂરો : મનુષ્યમાં .......... એ પાચનક્રિયા સાથે સંકળાયેલું અંગ છે. (યકૃત, હૃદય, મૂત્રપિંડ)**

➠ યકૃત

**17. સાચાં ખોટાં વિધાનો : ઑર્કિડ યજમાન માટે લાભકારક છે.**

➠ સાચું

**18. સાચાં ખોટાં વિધાનો : માંસાહારી પ્રાણીઓનું નાનું આંતરડું ટૂંકું હોય છે.**

➠ સાચું

**19. સાચાં ખોટાં વિધાનો : જળચર પ્રાણીઓનો શ્વાસ દર સ્થળચર પ્રાણીઓની તુલનામાં ઘણો ધીમો હોય છે.**

➠ ખોટું

**20. સાચાં ખોટાં વિધાનો : કોષરસમાં ગ્લુકોઝ ઑક્સિજનની ગેરહાજરીમાં લેક્ટિક એસિડમાં રૂપાંતર પામે છે.**

➠ ખોટું

**21. સાચાં ખોટાં વિધાનો : શિરાઓની દીવાલ જાડી અને સ્થિતિસ્થાપક હોય છે.**

➠ ખોટું

**22. વાયુકોષ્ઠ કોને કહે છે ?**

➠ ફેફસાંની દીવાલ પર રુધિરકેશિકાઓની વિસ્તૃત જાળીરૂપ રચના, જે રુધિરકેશિકાના સીધા સંપર્કમાં રહે છે તેને વાયુકોષ્ઠ કહે છે.

**23. બાષ્પોત્સર્જન એટલે શું ?**

➠ વનસ્પતિના મૂળ ભૂમિમાંથી સતત પાણીનું શોષણ કરે છે અને ઉપરના ભાગો તરફ જલવાહકપેશીની મદદથી વહન કરે છે.

➠ આમ, પાણી પર્ણો સુધી પહોંચે છે જ્યાં વધારાના પાણીનું પર્ણરંધ્ર દ્વારા બાષ્પ સ્વરૂપે વાતાવરણમાં નિકાલ થાય છે. આ ઘટનાને બાષ્પોત્સર્જન કહે છે.

**24. ATPનું પૂરું નામ જણાવો.**

➠ ATPનું પૂરું નામ ઍડિનોસાઇન ટ્રાયફૉસ્ફેટ છે.

**25. મને ઓળખો : હું રુધિરમાં રહું છું અને ઘાયલ થયેલાનો રુધિરસ્રાવ રોકવામાં મદદ કરું છું.**

➠ ત્રાકકણો

**26. મને ઓળખો : હું રુધિરમાં રહું છું અને ઑક્સિજન માટે ઊંચી બંધન - ઊર્જા ધરાવું છું.**

➠ રક્તકણ (હિમોગ્લોબીન)

**27. અમીબામાં જટિલ પદાર્થોનું વિઘટન થઇ સરળ પદાર્થોમાં રૂપાંતર ક્યાં થાય છે ?**

➠ અમીબામાં જટિલ પદાર્થોનું વિઘટન થઈ સરળ પદાર્થોમાં રૂપાંતરણ અન્નધાનીમાં થાય છે.

**28. નીચેનામાંથી કઈ જોડ અસંગત છે ?**


**પાચન - પિત્તનલિકા**

**શ્વસન - કર્ણક**

**ઉત્સર્જન - બાઉમેનની કોથળી**

➠ શ્વસન - કર્ણક

**29. આકૃતિમાં નિર્દેશિત X અને Y ભાગના નામ જણાવો.**




➠ X - મૂત્રપિંડ, Y - મૂત્રવાહિની